ગુજરાત સરકારના વર્ગ-૧ અને વર્ગ-૨નાં
અધિકારીઓનાં વાર્ષિક મૂલ્યાંકન માટે
ખાનગી અહેવાલને બદલે કામગીરી
મૂલ્યાંકન અહેવાલ (Performance
Appraisal Report) દાખલ કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ- ખહલ/૧૦૨૦૧૩/૫૬૨૨૯૪/ક
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૫ /૦૮/૨૦૧૫

વંચાણે લીધોઃ-

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૪/૦૩/૨૦૧૪નો સરખાક્રમાંકનો ઠરાવ.

**પરિપત્ર :-**

રાજ્ય સરકારનાં વર્ગ-૧ અને વર્ગ-૨ અધિકારીઓ માટે ખાનગી અહેવાલને બદલે વાર્ષિક કામગીરી મૂલ્યાંકન અહેવાલ(PAR) ઉક્ત વંચાણે લીધેલ ઠરાવથી દાખલ કરવામાં આવેલ છે.

ઉક્ત ઠરાવનાં ભાગ-૩ (મૂલ્યાંકન)નાં કોલમ-૭(૩) મુજબ "અહેવાલ હેઠળના અધિકારીએ તાબા હેઠળના કર્મચારીઓનાં ગતવર્ષના કામગીરી મૂલ્યાંકન અહેવાલ ૧૫ જૂન પહેલા સમીક્ષક અધિકારીને મોકલી આપ્યાં છે ? જો ૮૫ % કે તેથી વધુ મોકલી આપ્યા હોય તો ૨ ગુણ અન્યથા ૦ ગુણ આપવા" તેમ દર્શાવેલ છે.

રાજ્ય સરકારનાં કેટલાંક સંવર્ગોમાં અહેવાલ હેઠળનાં અધિકારીએ તેમના તાબા હેઠળના કર્મચારીઓનાં મૂલ્યાંકન અહેવાલ લખવાના થતા નથીં. તેથી ભાગ-૩ (મૂલ્યાંકન)નાં કોલમ-૭(૩) સામે કેટલા ગુણ આપવા તે અંગે ઘણા વિભાગો દ્વારા દ્વિધા અનુભવાય છે અને પુછાણો આવે છે.

આથી ઉક્ત ઠરાવનાં ભાગ-૩(મૂલ્યાંકન)ના કોલમ-૭(૩) સામે ઉપર દર્શાવ્યા મુજબના કિસ્સામાં કેટલાં ગુણ આપવા તે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાના અંતે આ બાબતે નીચે મુજબ ઠરાવી તે સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

"રાજ્ય સરકારનાં જે સંવર્ગોમાં અહેવાલ હેઠળનાં અધિકારીએ તેમના તાબા હેઠળનાં કર્મચારીઓનાં મૂલ્યાંકન અહેવાલ લખવાના થતાં નથી ત્યાં વંચાણે લીધેલ ઠરાવનાં ભાગ-૩(મૂલ્યાંકન)ના કોલમ-૭(૩) સામે "૨" ગુણ આપવાના રહેશે."

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દેવી પંડ્યા)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર.

પ્રતિ,

માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી

માન.મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓનાં અંગત સચિવશ્રીઓ

માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી

મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

♣ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવા

♣ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર

♣ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર

♣ સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

♣ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર

♣ સચિવશ્રી, ગુજરત ગૌણ સેવા પસંદગી મંડળ. ગાંધીનગર

♣ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ

ઉપસચિવશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય, ગાંધીનગર

એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ

એડીશનલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/ગાંધીનગર

સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ / સર્વે શાખાઓ

પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર

ડાયરેક્ટ ઓડીટ ઓફીસરશ્રી, અમદાવાદ/ગાંધીનગર

નિયામકશ્રી, રોજગાર અને તાલીમ/ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનીગ, ગાંધીનગર

માહિતી નિયામકશ્રી, ગાંધીનગર – જાહેર પ્રસિધ્ધિ અર્થે

સચિવાલયનાં સર્વે વિભાગો

સર્વે ખાતાના વડાઓ(ખાતના વડા હેઠળની કચેરીઓને ઉક્ત સૂચનાઓ મોકલવાની વિનંતી સાથે)

રાજ્ય સરકારનાં સર્વે બોર્ડ/કોર્પોરેશન

એક્ઝીક્યુટીવ, સાયન્સ અને ટેક્નોલોજી વિભાગ, GSWAN ઉપર પ્રસિધ્ધિ અર્થે.

નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ

<u>સિલેક્ટ ફાઈલ</u>.

♣ પત્ર દ્વારા.